જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૦૮/૨૦૨૧ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૫૨૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૦	૧૧૬૩૭	૧૭૭૪૮	૦	૧૭૭૪૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૨	૦	૪૭૩૨	૬૨૬૮	૦	૬૨૬૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૭	૦	૧૦૭	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૬૮૮૨૭	૭૨	૬૮૮૯૯	૬૯૭૦૦	૭૧	૬૯૭૭૧
કુલ		૮૫૩૦૩	૭૨	૮૫૩૭૫	૯૪૦૯૦	૭૧	૯૪૧૬૧

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૩	૫૩,૨૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૦૯	૮,૦૯,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

દાણીલીમડા પોલીસ સ્ટેશન :

મિલ્કત સંબંધી ગુના શોધી કાઢતી દાણીલીમડા પોલીસ સ્ટેશન

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુન્હાઓ શોધી કાઢવા અંગેની સુચના મળતા જે અન્વયે સિનિ.પોલીસ ઇન્સપેક્ટરશ્રી ડી.વી.તડવી સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.પી.ગરાસીયા તથા અ.હેડ.કોન્સ. કાનજીભાઈ અમીભાઈ બ.નં.૭૭૯૦ તથા અ.હેડ.કોન્સ.મોસીન યાસીનભાઇ બ.નં.૯૧૨૫ તથા પો.કો.વજાભાઇ દેહુરભાઇ બ.નં.૧૦૩૧૭ તથા અ.પો.કો.ખુમાનસિહ બળદેવભાઇ બ.નં.૭૨૮૮ તથા અ.પો.કો રણજીતસિહ ટેમતસિહ બ.નં-૪૯૦૦ તથા અ.પો.કો એઝાઝહુસેન સાબીરભાઈ બ.નં-૯૪૮ તથા પો.કો કમલેશભાઈ હસમુખભાઈ બ.નં-૬૧૭૭ વિગેરે સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમિયાન સાથેના પો.કો.વજાભાઇ દેહુરભાઇ તથા પો.કો.ખુમાનસિહ બળદેવભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે સેફીલ ઉર્ફે ચીના ઉર્ફે ફેક્ચર સગીરભાઈ જાતે શેખ ઉ.વ-૨૦ રહે-એ.એ/૪૫૯ ન્યુ ફૈસલનગર સુલતાન હોટલના ખાચા મા બોમ્બે હોટેલ દાણીલીમડા અમદાવાદ શહેર નાને ચોરી કરી મેળવેલ બજાજ કંપનીનું પલ્સર મો.સા. જેનો આર.ટી.ઓ.નં. જી.જે.૨૭.એ.આર.૯૬૮૬ કિ.રૂ.૩૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નં- ૧૧૧૯૧૦૧૨૨૧૧૩૧૬/૨૦૨૧ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબનો ગુનો મિલ્કત સંબંધી ગુન્હો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન :

નારોલ સરાણીવાસમા આવેલ રામાપીરના મંદિરની બાજુની ગલીમા ખુલ્લી જગ્યામાં જુગાર રમતા આઠ ઇસમોને જુગાર રમવાના સાધનો સાથે કુલ્લે કિંમત રૂપિયા ૨૦,૫૭૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ પ્રોહી.તથા જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઈન્સપેકટરશ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પોલીસ સબ ઈન્સપેકટર ટી.કે.દેવમુરારી સાહેબ તથા એ.જી.બ્રિદ સાહેબ તથા પો.કો.ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા પો.કો હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા પો.કો રવિરાજસિંહ મહીપતસિંહ બ.નં:૫૦૯૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા જે દરમ્યાન નારોલ સર્કલ પાસે આવતા પો.કો.ઇન્દ્રજીતસિંહ પરબતસિંહ તથા પો.કો હરદીપસિંહ વિજયસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે "નારોલ સરણીયા વાસમા આવેલ રામાપીરના મંદિરની બાજુની ગલીમા ખુલ્લી જગ્યામાં કેટલાક માણસો ગોળકુંડાળુ વળી ગંજીપાના વડે પૈસા પાનાથી હારજીતનો જુગાર રમી–રમાડે છે જે પ્રવૃતિ હાલમાં ચાલુ છે."જે બાતમી હકિકત આધારે સદરી જગ્યાએ રેઈડ કરતાં આરોપીઓ સંજય દિલીપભાઇ સરાણીયા ઉવ:૨૬ રહે:મકાન નં:૮૫,સરણીયા વાસ,જુની કોર્ટ પાસે,નારોલ અમદાવાદ શહેર + ૦૭ = ૦૮ નાઓ મળી આવતાં તેઓની અંગઝડતી તપાસ કરતાં અંગજડતીના કુલ નાણા રૂ.૬૮૨૦/-તથા જમીન ઉપર વેરણ છેરણ પડેલ દાવના નાણા રૂ.૧૦૭૫૦/-તથા ગંજીપાના નંગ–૧૦૪ કિં.રૂ.૦૦/૦૦ તથા મોબાઈલ ફોન નંગ–૦૧ કિ.રૂ.૩૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૨૦૫૭૦/- ની મત્તાનો મુદ્દામાલ સાથે મળી આવતાં આજરોજ તા.૨૨/૦૮/૨૦૨૧ ના કલાક ૧૯/૪૫ વાગે પકડી અટક કરી તમામ વિરુધ્ધમાં નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૫૨૧૧૪૬૨/૨૦૨૧ ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબનો ગુનો રજીસ્ટર કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૩૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૮ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૨ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૬૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૮,૪૭૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૫૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૫૩૨/૨૦૨૧**

નવરંગપુરાઃ ધનશ્યામભાઇ ઉકાભાઇ કણજરીયા (ઉ.વ.૪૩) (રહે. ગામ-ગુંજાર તા-ધંધુકા જી-અમદાવાદ) એ તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૨૧ થી તા.૦૭/૦૬/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા ગ્વાલીયા સ્વીટ પાસે સ્ટેડીયમ છ રસ્તા હિરા-પન્ના કોમ્પલેક્ષ ખાતે વી.બી.એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા પેઢી ખાતે આરોપી (૧) અશોકભાઈ ગણેશભાઈ જીવાણી (ઠે.વી.બી.એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા ઠે. એફ.એફ.૮ હિરા-પન્ના કોમ્પલેક્ષ સ્ટેડીયમ છ રસ્તા ગ્વાલીયા સ્વીટ પાસે નવરંગપુરા) (મુળ રહે. ભાગુનગર સોસાયટી વેટ રોડ સીંગણપુર ચાર રસ્તા સુરત) તથા પ્રીતીબહેન મીનાનાથ રાસકર (રહે.ચિકાર ફળીયા ચિકળી ચિકાર (રંભાસ સજા) ડાંગ તથા ગુપ્તાજી, શેટ્ટી તેમજ સુનીલ (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી આંગડીયા પેઢીમાં રૂપિયા એક કરોડ જમા કરાવવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપતા રૂપિયા એક કરોડ વી.બી.એન્ટરપ્રાઈઝ જુના આંગડીયા પેઢીમાં જમા કરતા તે પૈસા લઈ ભાગી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૧૫૩૩/૨૦૨૧**

રામોલઃ ઉત્કર્ષભાઇ હિતેન્દ્રભાઇ પટેલ (રહે. જીવનઆર્યા ફ્લેટ કૃષ્ણ સ્કુલની બાજુમાં વસ્ત્રાલ) એ તા.૨૨/૦૮/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૮/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૨૦/૦૮/૨૦૨૧ કલાક ૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હરીદર્શન સોસાયટી ખાતેના ગોડાઉનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ગોડાઉનમાં પ્રવેશ કરી ગોડાઉનમાંથી ઓનીડા કંપનીના એ.સી.નંગ-૩ કિમત રૂપિયા ૧,૦૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૫૩૪/૨૦૨૧**

કાગડાપીઠઃ લતાબહેન વા/ઓ જનકસિંહ મકવાણા (ઉ.વ.૩૭) (રહે. ગામ-વિરોચનનગર મકવાણાવાસ તા-સાણંદ જી-અમદાવાદ) તા.૨૧/૦૮/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે ગીતામંદિર બસ સ્ટેન્ડ પ્લેટફોર્મ નં-૧૨ ખાતે બસમાં ચઢતી વખતે લતાબહેનના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર પેડલ સાથે કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિએ ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ લતાબહેન મકવાણાએ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જી.ચૌધરી ચલાવે છે.

મંગળસુત્ર ખેચી તોડી લઈ ગયાઃ- **સમાચાર યાદી નં.૧૫૩૫/૨૦૨૧**

વસ્ત્રાપુરઃ શીતલબહેન વા/ઓ હાર્દિકભાઈ કોટડીયા (ઉ.વ.૩૧) (રહે. વંદે માતરમ એપાર્ટમેન્ટ, કલા સાગર મોલની બાજુમા ઘાટલોડીયા) તા.૨૨/૦૮/૨૦૨૧ રાતના ૧૦/૧૫ વાગ્યાના સુમારે વસ્ત્રાપુર સેટેલાઇટ પ્લાઝા આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ શીતલબહેન કોટડીયાના ગળામાંથી સોનાનુ મંગળસુત્ર કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ શીતલબહેન કોટડીયાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.રાજપુત ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૫૩૬/૨૦૨૧**

નિકોલઃ રાહુલભાઈ પ્રભુદાસ નરવણે (ઉ.વ.૪૫) (રહે. મારૂતિ એપાર્ટમેન્ટ ગાયત્રી સ્કૂલ પાસે ખોડીયારનગર) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૮/૨૦૨૧ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતકુમાર રણછોડભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી